



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ-૧૫ : 'સ્વભાવને વિષે શત્રુપણું રાખ્યાનું'નું નિરૂપણ, ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી**

**શ્રીજીમહારાજે** સર્વે પરમહંસને પ્રશ્ન પૂછ્યો જે, 'ગમે તેવો કઠણ સ્વભાવ હોય ને જો એક વિચાર કરીએ તો તે સ્વભાવનો નાશ થઈ જાય અને એ વિચારને મૂકીને બીજા હજારો વિચાર કરે તોય પણ તે ભૂંડા સ્વભાવ હોય તે ટળે નહીં, એવો તે કયો વિચાર છે ? તે જેને જેમ સમજાતું હોય તે તેમ કહો.' પછી પરમહંસમાં જેમ જેને સમજાતું હતું તેમ તેણે કહ્યું પણ યથાર્થ કોઈથી કહેવાયું નહીં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'લ્યો, અમે કહીએ જે જેમ બાહેર કોઈક પોતાનો શત્રુ હોય તે આપણું કાંઈક કામ થતું હોય તેને બગાડી દે અથવા પોતાની મા-બેન સામી ગાળો દે, તેનો જેમ અતિશય અભાવ આવે છે અને જે ઉપાયે કરીને તેનું ભૂંડું થાય તે ઉપાય કરાય છે અથવા કોઈક બીજો તે શત્રુનું ભૂંડું કરે તો પણ અતિશય રાજી થવાય છે; તેમ જે મોક્ષને અર્થે યત્ન કરતા હોય ને તેમાં જો કામ-ક્રોધાદિક માંહેલા શત્રુ વિઘ્ન કરે તો તેની ઉપર પણ તેવી જ વૈરબુદ્ધિ થાય અને તેનો ખટકો ક્યારેય પણ ટળે નહીં. એવો વિચાર જેને હાથ આવે તે એ વિચારે કરીને શત્રુમાત્રને ટાળે. અને જ્યારે કોઈક સંત એ કામાદિક શત્રુની નિંદા કરે તથા શત્રુને ખોદે તેમાં જેને મોરે કહ્યો એવો વિચાર હોય તેને તે સાધુનો અભાવ આવે નહીં; સામો તે સાધુનો અતિશય ગુણ લે અને એમ જાણે જે, 'આ સાધુ મારા શત્રુને માર્યાનો ઉપાય કરે છે, માટે મારા પરમ હેતુ છે.' આવી જાતનો વિચાર જેના હૃદયને વિષે પ્રાપ્ત થયો હોય તે શત્રુમાત્રનો નાશ કરી નાંખે અને કોઈ ભૂંડો સ્વભાવ તેના હૃદયને વિષે રહી શકે નહીં. અને એ વિના બીજા ગમે તેટલી જાતના વિચાર કરે પણ કામાદિક સ્વભાવરૂપી શત્રુ નાશ પામે નહીં. માટે એ સ્વભાવ ઉપર જે શત્રુપણું રાખવું એ જ સર્વ વિચારમાં શ્રેષ્ઠ વિચાર છે.'

પછી શ્રીજીમહારાજે વળી પ્રશ્ન કર્યો જે, 'ધર્મ, વૈરાગ્ય, આત્મજ્ઞાન અને માહાત્મ્યે સહિત પરમેશ્વરની ભક્તિ એ ચાર વાનાંમાંથી કોઈ કાળે પડે નહીં એવો જે હોય, તેને શે લક્ષણે કરીને ઓળખવો ?' પછી સર્વે સંતે જેને જેવું સમજાણું તેણે તેવું કહ્યું પણ તે કોઈથી યથાર્થ કહેવાયું નહીં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેનો બાળકપણાથી જ એવો સ્વભાવ હોય જે, કોઈની છાયામાં તો દબાય જ નહીં અને એ જ્યાં બેઠો હોય ત્યાં કોઈએ હાંસી-મશ્કરી થાય નહીં અને તેને કોઈએ હળવું વેણ પણ કહેવાય નહીં; એવાં જેનાં લક્ષણ હોય તે કોઈ દિવસ ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન અને ભગવાનની ભક્તિ તેમાંથી પડે જ નહીં. અને તેનો માનીના જેવો સ્વભાવ હોય તો પણ તેને કલ્યાણનો ખપ હોય, માટે તે સત્સંગમાંથી કોઈ પ્રકારે જાય નહીં.'

સ્વામિનારાયણ ભગવાને આ 'વચનામૃતમાં' કહ્યું, જાગ્રતતા અને ચાડ રાખો. આપણો શત્રુ હોય, એનો જેને અભાવ આવે, એને કોઈ મારવામાં મદદ કરે તો આપણને એના વિશે પ્રેમ થાય. એમ, કામ-ક્રોધાદિક આપણા શત્રુ છે. શત્રુ એટલે કહ્યા કે, ભગવાનની ભક્તિથી આપણને તે દૂર લઈ જાય, પ્રભુભજનમાં-સેવામાં આપણને આડખીલી રૂપ બને. એ દેહનો ભાવ છે અને જ્યાં સુધી દેહભાવ છે ત્યાં

સુધી દોષે કરીને ભગવાન, સાધુ અને ભક્તોને વિશે ભાવફેર થાય. ત્યારે જાગ્રતતા હોય કે, દોષ કોને કહેવાય ? કામ-ક્રોધાદિક દોષ સામાન્ય રીતે દોષ છે, પણ વિશેષ દોષ એ કહેવાય કે, એને લઈને ભગવાનનો, સાધુનો અને ભક્તોનો અભાવ લઈએ. તો ભગવાન કહે, એ દોષ જાડા બને. પ્રાર્થના કરે-ધૂન કરે કે, મારામાં આ દોષ છે, મને આ નડે છે, હે પ્રભુ ! મારો આ દોષ ટાળી દો, ટાળી દો, ટાળી દો ! એક 'વચનામૃત'માં મહારાજે કહ્યું છે કે, લડત લેતાં આળસી ના જાય, સતત ધૂન કર્યા કરે કે, હે પ્રભુ! આ દોષ છે એ આપને નથી ગમતા, આપે આપેલી મર્યાદામાં રહેવાતું નથી, જિવાતું નથી; તો હે મહારાજ! મને માફ કરો, મને બળ આપો, બળ આપો, બળ આપો ! તો દોષ ટળી જાય. ચાડ રાખે તો ટળી જાય અને ભજન-પ્રાર્થના કરે તો ટળી જાય અને બીજું શૂરવીરતાથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ રાખે તો દોષ ટળી જાય.

ધર્મ એટલે મારે ભગવાનને રાજી કરવા છે. મારા જીવનમાં મારો એક જ હેતુ છે, એક જ ધર્મ છે કે, મારે મારા પ્રભુને, મારા ગુરુને રાજી કરવા છે અને એમની આજ્ઞામાં જીવન જીવવું છે. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું કે, 'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ-હે અર્જુન! તારા મનથી માનેલા બધા ધર્મો, સાંભળેલા ધર્મો, વાંચેલા ધર્મો, આ પાપ ને આ પુણ્ય, આ સારું ને આ ખોટું ; આ બધાં દ્વંદ્વો - એ બધું છોડીને તું મારા શરણે આવ અને હું કહું એમ કર.' કારણ ? ધર્મ એ ભગવાનના ચરણારવિંદમાં છે અને ભગવાનના ચરણારવિંદ એ સત્પુરુષ છે. સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ અને એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવો એ સાચો ધર્મ. એમની આજ્ઞા ના પાળવા દે એવા જે જગતના પ્રવાહ, તેનાથી દબાય નહીં, શૂરવીરતાથી આજ્ઞા પાળે.

જ્ઞાનનું જ્ઞાન અને સારનો સાર એટલે માનવરૂપમાં ભગવાનને ઓળખવા એ. અત્યારે સત્પુરુષમાં અખંડ ભગવાન રહ્યા છે. યોગીબાપાને વિશે પ્રભુપણાનો ભાવ થયો, પછી કોઈ મોટો ઊડતો આવે તોય એ ભાવમાંથી આપણને ચલિત ના કરી શકે અથવા તો એમનામાં ભાવફેર કરાવે એવી વાત આપણી પાસે કરી ના શકે. આપણે દબાઈએ નહીં. સામો માણસ ફફડવો જોઈએ કે, આ વાતમાં આ લોકો કોમ્પ્રોમાઇઝ નહીં કરે. ભગવાન ને ભગવાનના સાધુને વિશે - ગુરુ ને ઇષ્ટદેવને વિશે પ્રભુપણાનો જે ભાવ થયો છે એ જ્ઞાન છે. એ જ્ઞાનમાંથી ચલિત કરે - એટલે કે, મનુષ્યભાવ લેવડાવે, ભાવફેર કરાવે એવો મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર-એ અંદરનો કુસંગ. અથવા બહારનો કુસંગ - બહારના એવા ડંબેલ્સ જેવા માણસોની છાયામાં જવાય નહીં, એમનાથી દબાય નહીં. પોતાની જે નિષ્ઠા, પોતાના સ્વરૂપ તરફનું પ્રગટપણાનું જે જ્ઞાન છે એ સહેજ પણ ઓછું ના થાય.

વૈરાગ્ય ! એમના સંબંધ વગરના કોઈનો ભાર પડે નહીં. ભગવાન, ભગવાનના સાધુ ને ભગવાનના સંબંધવાળા સિવાય કોઈનો ભાર ના પડે. ભાર એક ભગવાનના ભક્તનો પડે, ભગવાનના સાધુનો પડે. ભાર એટલે ? બે વાતો આવે - એક કોઈક આપણો સત્સંગી બોલે અને બીજો કોઈ બહારનો મોટો હોય એ બોલે, તો પેલા બહારનાનો ભાર ના પડે. એની મોટપનો, એના પૈસાનો, એના સ્ટેટસનો, એના ભણતરનો ભાર ના પડે. જ્યારે ભગવાનનો ભગત ગમે તેવો હાલોપોલો હોય, તો પણ એનો હૈયામાં ભાર હોય એ વૈરાગ્ય !

વૈરાગ્ય એટલે શું ? બધું છોડીને લંગોટીભેર બેસી રહેવું એને જગતમાં વૈરાગ્ય કહેશે, પણ સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'માં વૈરાગ્યની વ્યાખ્યા આપી છે. ભગવાન ને ભગવાનના સાધુ ને ભગવાનના ભક્ત સિવાય કોઈનો હૈયામાં ભાર ના રહે એ સાચો વૈરાગ્ય ! જગતમાં રહો છો એટલે કોઈ જગ્યાએ જાવ તો જગતમાં એવા મોટાનાં ગુણગાન ને મહિમા ગાવ, એમની વાતો કરો; પણ ભગવાન ને ભગવાનના ભક્તથી મારા હૈયામાં કોઈ મોટું નથી. ભગવાનના ભક્તની વાત મનાય, બીજાની વાત ગમે એટલી સોનાની હોય તોય ભગવાન રાજી થાય તો પકડાય, બાકી નહીં; એ વૈરાગ્ય !

**ધર્મ ભગવાનના ચરણારવિંદમાં છે**
**અને ભગવાનના ચરણારવિંદ એ સત્પુરુષ છે.**
**સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ**
**અને એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવો**
**એ સાચો ધર્મ !**





**જ્ઞાનનું જ્ઞાન**
**અને**
**સારનો સાર એટલે**
**માનવરૂપમાં ભગવાનને ઓળખવા એ.**
**સત્પુરુષમાં અખંડ ભગવાન રહ્યા છે.**

ભક્તિ ! મન, કર્મ ને વચને એમની સેવા કરવી એ ભક્તિ ! મને કરીને નિર્દોષ માનીએ, વચને કરીને ગુણગાન ને મહિમા ગાઈએ, કર્મે કરીને દેહથી સેવા કરીએ. સ્વામિનારાયણ ભગવાન કહે, પાંચ રૂપિયા એમના અર્થે ખર્ચ કરીએ એ ભક્તિ છે. કારણ, ભગવાનને રાજી કરવા કરેલી ક્રિયા એ ભક્તિ ! એમાંય માહાત્મ્યસહિતની ભક્તિ ! એટલે, ધન ભાગ્ય, ધન્ય ઘડી કે મને આ સેવા મળી ! અહોહો, આવા મુક્તોનાં દર્શન થયાં ! ઓહોહો, આવા મુક્તો સાથે બેસવાનું મળ્યું ! ઓહોહો, આવા મુક્તોની મને સેવા મળી ! આવી ભગવાન ને ભગવાનના ભક્તોની મહિમાસભર જે સેવા, એ માહાત્મ્યસહિતની ભક્તિ ! આવી ભક્તિ કરવામાં ગમે એટલા ફોર્સીસ આડા આવે તો પણ પાછા ના પાડી શકે એ ભક્ત ખરેખર શૂરવીર છે. એ ગમે ત્યાં જાય તોય સાધનામાર્ગમાંથી એનું કોઈ દિવસ સ્ખલન નહીં થાય. એક તો કામ-ક્રોધાદિક દોષે કરીને ના પડે અને બીજું જગતના જે પ્રવાહો, જગતના જે ફોર્સીસ, એ પણ એને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિમાંથી પાડી ના શકે.

તમે જુઓ, બલિરાજાને સવારથી સાંજ સુધી જે કોઈ ભિક્ષા લેવા આવે ને જે કાંઈ માગે, એ આપવું એવો નિયમ હતો. એટલે ભગવાન વામન રૂપે-વામન એટલે સાવ નાના ટાબોરિયા તરીકે બલિરાજાને ત્યાં પહોંચી ગયા. બલિરાજા કહે, 'વામનજી આવો !'. તેઓએ ભગવાનનું સ્વાગત કર્યું ને પછી પૂછ્યું, 'તમારી શું સેવા કરું ?' બલિરાજાના ગુરુ શુક્રાચાર્ય હતા, પણ આસુરીભાવ વાળા હતા. અને એમને લઈને બલિરાજા પણ આસુરીભાવમાં આવતા હતા. ભગવાનને બલિરાજાને આસુરી પ્રભાવમાંથી કાઢવા હતા. ત્યારે શુક્રાચાર્યે બલિને કહ્યું, 'તું આની જોડે ભરમાઈશ નહીં, આ દેખાય છે ટાબોરિયું પણ આ ટાબોરિયું નથી, સ્વયં ભગવાન આ રૂપે આવ્યા છે, તે તારું બધું લઈ લેશે.' એટલે બલિરાજા કહે, 'જો ભગવાન સાક્ષાત્ માગવા આવ્યા હોય અને જો હું ના આપું તો હું મૂરખ કહેવાઉં, મારે આપવું જ છે.' ગુરુએ બહુ સમજાવ્યા, પણ ભગવાનને રાજી કરવામાં ગુરુના પ્રભાવમાં તે ના આવ્યા.

બલિરાજાએ દાન આપવા માટેનો સંકલ્પ કરવા જળ લેવાનું હતું એટલે પાણીની ઝારી મંગાવી. શુક્રાચાર્યને થયું કે, આ મારું માનતો નથી એટલે ઝારીની અંદર માખી બનીને પેસી ગયા અને જ્યાંથી પાણી નીકળે એ કાણું પૂરી દીધું. વામનજીએ સળી લીધી અને પેલા કાણામાં ઘોંચી એટલે શુક્રાચાર્યની આંખમાં સળી વાગી અને તેમની આંખ નીકળી ગઈ. એટલે પછી તેઓ બહાર નીકળી ગયા. પછી ઝારીમાંથી બલિરાજાએ પાણી લીધું ને સંકલ્પ કર્યો કે, 'ભગવાન આપ જે માગો એ મારે આપવું છે.' આપણે આખી વાત જાણીએ છીએ કે, ભગવાને સાડા ત્રણ પગલાં માગી લીધાં ને બલિરાજાને પાતાળમાં ખોસી દીધા. કારણ કે, પેલા ગુરુ પણ અસુર હતા અને સેવક બલિરાજા પણ અસુર હતા. જો તે પૃથ્વી ઉપર રહ્યા હોત તો જેમ રાવણ, શિશુપાલ, કંસને મારવા માટે ભગવાનને સ્પેશ્યલ અવતાર ધારણ કરવો પડ્યો, એમ આના માટે અવતાર ધારણ કરવો પડત. એટલે ભગવાને એમને પાતાળમાં મોકલી દીધા. ગમે એવા મોટા હોય તોય પણ એના પ્રભાવમાં બલિરાજા આવ્યા નહીં, દબાયા નહીં તો ભગવાન એમને વશ થઈ ગયા. એમનો આસુરીભાવ છોડાવી દીધો અને એમના દરવાજે દ્વારપાળ તરીકે ભગવાન ઊભા રહ્યા. બલિરાજા દબાયા નહીં. ભગવાનને દાન આપે નહિ એ માટે બધા ફોર્સીસ એમની વિરુદ્ધ જતા હતા અને બધા ના પાડતા હતા, પણ ના ! ભગવાન સામે આવ્યા હોય ને માગતા હોય તો મારે આપવું છે, ભગવાનને અર્થે સમર્પિત થવું છે; એવા ભાવથી આપ્યું.

જગતમાં કોઈ દાન કરે તો ઘણા કહે કે, 'અલા, આટલું બધું ના આપી દઈશ, તારે ખાવા જેટલું તો રાખ.' ઘણા કહે, 'બધા ઘણાય આપનારા છે, તારાથી અપાય એટલું આપને ! બધું આપીશ તો તું શું પહેરીશ ?' તો શું આપે એને પાછું આપનારા ભગવાન નથી ? એમ,

સમર્પિત થવા નીકળો, સાધુ થવા નીકળો, ભગવાનના કાર્યમાં હોમાવ તો જગતમાં બધા ભાતભાતની શિખામણો આપે. પણ ભગવાનને રાજી કરવા નીકળેલો માણસ કશાથી ભરમાય નહીં. ભગવાન માટે શું ના થાય? નીકળ્યો એ નીકળ્યો, પાછો ના પડે; એવી શૂરવીરતા રાખવાની.

તમે જુઓ, શાસ્ત્રીજી મહારાજના સમયમાં અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવામાં કેટલા બધા હરિભક્તોને કેટલાં બધાં કષ્ટ સહન કરવાં પડ્યાં અને કેટલી બધી વાતોમાંથી પસાર થવું પડ્યું ! મણિકાકા ઘણી વખત અમને કહેતા કે, શાસ્ત્રીજી મહારાજના સમયમાં શાસ્ત્રીજી મહારાજમાંથી-ગુરુમાંથી છોડાવવા માટે અમને ઘણા એવું કહેતા કે, 'શાસ્ત્રીજી મહારાજમાં જે વળગ્યા છે એ બધા ખુવાર થઈ ગયા છે.' 'ખુવાર' એટલે દેવાદાર થઈ ગયા છે. અને પાછા દાખલા આપે, જુઓ પેલા આશીવાળા મોટા સ્વામી, પેલા ઈશ્વરભાઈ, આ મણિભાઈ નારણભાઈ (મહંત સ્વામીના બાપુજી); તેઓ પાસે આ બધાનાં લિસ્ટ હોય અને બને પણ એવું.

મણિકાકાની લાંભવેલમાં પચ્ચીસ વીઘાં જમીન હતી. મણિકાકાને શાસ્ત્રીજી મહારાજ જોડે અસાધારણ પ્રેમ ! એટલે મંદિરની સેવામાં વધારે રહે તેથી ખેતીમાં ધ્યાન ના આપી શકે, ખેતીમાં ભેલાણ થઈ જાય ને કશું હાથમાં ના આવે. ખેતીમાં ખાતર-પાણી એ બધાંના ખર્ચા તો થાય, પણ એ ખર્ચા જેટલું ઉત્પાદન થાય નહીં, એટલે તેઓ દેવામાં ડૂબતા જતા હતા. એટલે એમનો નંબર દેવાદારમાં ગણાતો.

આણંદ આવે ત્યારે મણિકાકાના ઘરે તો શાસ્ત્રીજી મહારાજ ઉતરતા. ત્યારે આણંદમાં તળાવ ઉપર મંદિર નહોતું. અને મણિકાકાને ધન્ય છે ! એમણે આવી પરિસ્થિતિમાં પણ એમના ઘરનો ઉપલો માળ સંતો માટે રિઝર્વ રાખેલો, બાથરૂમ-જાજરૂ સાથે સરસ બનાવેલો, બે દાદર બનાવેલા. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ને સંતો તેઓના ઘરે જ ઉતરતા ને રહેતા.

આશીવાળા આશાકાકા. પછી સાધુ થયા હતા-મોટા સ્વામી ! એમના ભાઈ ઈશ્વરભાઈ. રઢુ-પુરુષોત્તમપરા પાસે ચારસો-પાંચસો વીઘાં જમીનનો કોઈ દરબારનો ચરો હતો-એને લાટ કહે, તે લીધેલો. એમને એમ કે, ખેડીને ખેતી કરીશું અને ગુરુ શાસ્ત્રીજી મહારાજની સેવા કરીશું. પણ વરસાદ આધારે ખેતી એટલે એમને કશું પાક્યું નહીં, નાખે એ પૈસા આવે જ નહીં. એટલે તેઓ પણ દેવાદાર થઈ ગયેલા.

ઘણા બધાને આવું થયું એટલે એક વાયકા થઈ. અને વિરોધીઓ તો એને વધારે ચગાવે કે, શાસ્ત્રીજી મહારાજને જે વળગે છે, શાસ્ત્રીજી મહારાજની જે સેવા કરે છે, શાસ્ત્રીજી મહારાજની પડખે જે ઊભા રહે છે એ બધા ખુવાર થઈ જાય છે કારણ કે, ભગવાનનો રાજીપો નથી. મંદિરમાંથી બહાર નીકળ્યા એટલે સ્વામિનારાયણ ભગવાન રાજી નથી. આવી બધી વાતો ચાલે.

મણિકાકા તો કેટલા જ્ઞાની ! 'વચનામૃત'ના પગી. આપણી ગુરુવારની સભામાં વર્ષો સુધી વચનામૃત મણિકાકા સમજાવતા. પણ, આ બધાં ચકરડાંમાં તેઓ પણ આવી ગયા. એમને થયું કે, વાત સાચી છે, હુંય આ શાસ્ત્રીજી મહારાજને વળગ્યો ને દેવાદાર થઈ ગયો. એટલે એમણે શું કર્યું ? શાસ્ત્રીજી મહારાજને છોડી દેવાય એવું તો હતું નહીં. શાસ્ત્રીજી મહારાજ જ વળગ્યા હતા. એટલે એમને થયું કે, આ આણંદ છોડી દઈએ તો જ શાસ્ત્રીજી મહારાજથી છુટકારો થાય. એટલે તેઓ ખૂબ જ દૂર મધ્યપ્રદેશના જબલપુર નગરમાં જતા રહ્યા. ત્યાં કોઈ હરિભગત જ ના હોય. ત્યારે તો ગુજરાતની બહાર સત્સંગ ક્યાં હતો ? મહંત સ્વામીનો જન્મ જબલપુર થયેલો.

૧૩મી સપ્ટેમ્બરે મહંત સ્વામીજીનો ૮૫મો પ્રાગટ્યોત્સવ ઉજવાયો. એટલે ૮૫ વર્ષ પહેલાં મણિકાકા જબલપુર હતા અને ત્યાં એમનો જન્મ થયો. મણિકાકાએ જબલપુરમાં ડેરી ઉદ્યોગ શરૂ કર્યો. પણ એ રહ્યા ભગત માણસ, સાધુ માણસ ! કોઈ ૧૦૦ રૂપિયા આપે તો પરચૂરણ પાછું આપવાને બદલે ૨૦૦ રૂપિયા પાછા આપે. હવે એ કોઈ

ભગવાન ને ભગવાનના સાધુ ને
ભગવાનના ભક્ત સિવાય
કોઈનો હૈયામાં ભાર ના રહે
એ સાચો વૈરાગ્ય !





ભક્તિ !
મન, કર્મ ને વચને સેવા કરવી એ ભક્તિ !
મને કરીને નિર્દોષ માનીએ,
વચને કરીને ગુણગાન ને મહિમા ગાઈએ,
કર્મે કરીને દેહથી સેવા કરીએ.

દિવસ વેપાર-ધંધામાં ફાવે ? ગમે એટલો સારામાં સારો ધંધો હોય તોય એમને ફાયદો જ ના થાય. કારણ, ભક્તિ સિવાય કશામાં ધ્યાન જ નહીંને! એટલે ત્યાંય પછડાયા. મણિકાકાએ પોતે કહેલું કે, હું ત્યાંય દેવાદાર થઈ ગયો. પછી મને રિઅલાઇઝ થયું કે, શાસ્ત્રીજી મહારાજને કારણે દેવાદાર નથી થયા, આપણામાં કશી આવડત નથી, ધ્યાન નથી એટલે દેવાદાર થયા. એટલે આ જ્ઞાન થયું તો પોટલાં લઈને પાછો આણંદ આવતો રહ્યો. તે જ વરસોમાં પૂ. વિનુભાઈ એસ.એસ.સી. પાસ થયેલા, તેથી આણંદ ખેતીવાડીની એગ્રિકલ્ચર કૉલેજમાં દાખલ થઈ બી.એસસી. (એગ્રિ.) થયા. આવી શાસ્ત્રીજી મહારાજના વખતની બહુ વાતો કરતા. ત્યારે શાસ્ત્રીજી મહારાજને વિશે મનુષ્યભાવ આવી જાય. શાસ્ત્રીજી મહારાજથી થોડું અંતર રાખે. મહારાજ એ કહે છે કે, ભગવાનને ગુરુને વિશે એવું થાય, પણ કોઈના પ્રભાવમાં દબાય નહીં.

મારું નામ જશભાઈ, આનું નામ રાજુ છે, આનું નામ હરસુખ છે. આખું ગામ ભેગું થઈને કહે કે, તમારું નામ રાજુભાઈ નથી. તો તમે શું કહો ? તમે બધાય ગાંડા છો, હું રાજુ જ છું. પોતાના નામની, પોતાના વતનની, પોતાની જાતિની કેટલી જાગ્રતતા છે ! પણ ભગવાનની બાબતમાં, સાધુની બાબતમાં, ગુરુની બાબતમાં પાંચ-પચાસ જણ જો ભરમાવે તો થાય કે, હશે કે નહીં હોય ? સાચું હશે કે ખોટું હશે ? તમારું નામ, તમારું ગામ, તમારી અટક ખોટી પડશે, પણ ભગવાનને વિશેની જે ભક્તિ છે એ ખોટી ના પડવી જોઈએ. સ્વામિનારાયણ ભગવાનને આ કહેવું છે. જગતવાળાને શું ખબર પડે કે, ભગવાને આપણને અંદરથી અનુભૂતિ કરાવી છે.

અને દોષ ! દેહના ભાવ છે એટલે દોષ દેખાવાના, યાદ રાખો ! આપણે કામ-ક્રોધાદિક દોષ જીતવા પ્રયત્ન નથી કરવો, પણ ભગવાનને રાજી કરવા માટે પ્રયત્ન કરવો છે, ભગવાનના થઈને જીવન જીવવા પ્રયત્ન કરવો છે. ભગવાનની આજ્ઞાનું અનુસંધાન રાખીને જીવન જીવીએ તો એ બધું જેમ ચંપલે છાણ વળગ્યું હોય ને રસ્તા પર ચાલીએ તો ખંખેરાઈ જાય, સુકાઈ જાય પછી ખંખેરાઈ જાય, એમ ભગવાનની સ્મૃતિ સાથે ભજન-પ્રાર્થના, કથા-વાર્તા ને સેવા કર્યા જ કરો, કર્યા જ કરો. દોષ સામું જોશો જ નહીં, એ ખંખેરાઈ જશે. અને આવાં બધાં ફૅક્ટર્સ આવે કે જે આપણને ભાવફેર કરાવે, માથાકૂટ કરાવે; એવા કોઈના પ્રભાવમાં આવીએ નહીં એટલી શૂરવીરતા રાખીને જીવન જીવીશું તો મહારાજ કહે, ભગવાનની પ્રસન્નતાથી દોષ ટળી જશે. પોતાના સાધનથી કદી દોષ ટળતા નથી. માણસ સાધન કરી કરીને શું કરે ? પણ ભગવાન કૃપા કરે તો દોષ ખંખેરાઈ જાય. એમની કૃપા શેમાં છે ? ભગવાન કેવી રીતે રાજી થાય છે ? એ પ્રમાણે જીવન જીવો, એ પ્રમાણે જીવનની પ્રવૃત્તિ કરો તો એ બધું ટળી જશે. અને જાગ્રતતા એટલી રાખો કે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિમાંથી આપણને કોઈ હચમચાવવા આવે તો કોઈના પ્રભાવમાં ના આવીએ, કોઈની વાતોમાં ના આવીએ, કોઈના કુસંગમાં ના આવીએ. ત્યાં જાગ્રત રહેવાનું.

તમે ગાડી સડસડાટ ચલાવો, પણ લાલ-લીલા સિગ્નલને જોતા રહો. લાલ સિગ્નલ આવે તો ગાડી ઊભી રાખો, નહીં તો પોલીસ દંડ કરશે અથવા બાજુમાં જતા વાહન સાથે અથડાશો તો હૉસ્પિટલ ભેગા થશો. લાલ સિગ્નલ આવે એટલે ગાડી સ્ટૉપ અને લીલું સિગ્નલ આવે એટલે ગાડી ચાલુ. એમ અમહિમા, ભાવફેર, પાછા પડવાનું-આવું બધું આવે તો સ્ટૉપ થઈ જાવ. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... પછી ચાલો. સડસડાટ ગમે તેમ ગાડી ચલાવીએ તો ગુનેગાર કહેવાઈએ. એમ, તમને ભગવાન સુઝાડે તેમ જીવન જીવો, ભગવાન જ્યાં મોકલે ત્યાં જાવ, જે કરાવે એ કરો, પણ જાગ્રતતા આ રાખો કે, ભગવાન ને ભગવાનના સાધુ ને ભગવાનના ભક્તો માટે કોઈ ભાવફેર કરાવે તો સ્ટૉપ. એવી વાતમાં પડવાનું નહીં, એવી વાત સાંભળવાની નહીં, એનો સ્વીકાર નહીં કરવાનો.

તમે રોડ ઉપર જતા હોવ. ખાસ કરીને મુંબઈમાં તમે જાવ એટલે તમારી પાછળ ઘડિયાળ વેચવાવાળા, અગરબત્તી વેચવાવાળા ફેરિયા

ફરતા હોય. 'અરે સાહેબ ! શું ઘડિયાળ છે, કોઈ જગ્યાએ મળે નહીં એવો જાપાનનો માલ છે, અમારી પાસે કેવો સરસ સ્ટૉક આવ્યો છે, જોવામાં શું વાંધો છે ? જોવાના પૈસા નથી, જોવાનું મફત છે.' આમ એ તમારી પાછળ પડી જાય. પણ તમે જો એના તરફ ધ્યાન જ ના આપો, તો પછી એ પાછો જતો રહે કે, આ ભાઈ હાથમાં આવે એવા નથી. પણ જો તમે સહેજ જોવા ઊભા રહો એટલે પેલાને થાય કે, આ કંઈક પીગળ્યા લાગે છે. એટલે પછી એ તમને ભાતભાતની વાતો કરે, એટલે તમે પાછા તે વસ્તુ જોવા માટે ઊભા રહો. એટલે પેલાને થાય કે, આ અધવચ પહોંચ્યા છે. પછી તે તમારી પટ્ટી પાડે જ, તમને બટકાડે જ. પણ એની સામું જ ના જુઓ તો ?

શહેરમાં ચાર રસ્તા ઉપર ગાડી ઊભી રહે ત્યારે ત્યાં ભીખ માંગનારા ઊભા હોય. કાચની બારી બંધ હોય તોય પાસે આવીને ઊભા રહે. પણ તમે જો એની સામે જ ના જુઓ ને આંખો બંધ કરીને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરો એટલે એ વિચારે કે, અહીં સમય નથી બગાડવો. એટલે આપણી ગાડી પાસેથી જતા રહે. પણ તમે સહેજ એમની સામે જોશો તો તેને થશે કે, આપણે છીએ તેવું કંઈક આમના ધ્યાનમાં આવ્યું છે, એટલે તરત પૈસા માંગશે. એમ, બહાર જગતમાં આડાઅવળા ડંબેલ્સ જેવા માણસો કંઈ વાત કરે તેમાં તમે સહેજ હોંકારો કર્યો એટલે સમજવાનું કે, હવે તમે લપસવા તરફ પહોંચી ગયા છો. એમાં ધ્યાન જ નહીં આપવાનું, એમની સામે જોવાનું જ નહીં, એમનો ઘડો જ નહીં લેવાનો તો એમને થશે કે, આમાં આપણી દાળ ગળે એવી નથી. આ ભગવાનના ભક્તની ડિસિપ્લિન છે. અમહિમા, ભાવફેર, ભગવાન ને ભગવાનના સાધુની આડી-અવળી વાતોમાં સહેજ પણ રસ લીધો તો માનજો કે, એ સહેજ કાણું થયું પછી એ કાણું પહોળું થશે અને એમાં પછી અસુરો ઘૂસ મારશે, દુઃખી થઈશું.

સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ ! ધર્મ એટલે ભગવાનને રાજી કરવાનો જે ભાવ છે. એમને રાજી કરવા એટલે ગુરુની આજ્ઞામાં જીવન જીવવું એ ધર્મ છે. જે ધર્મ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને 'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ' દ્વારા સમજાવ્યો. હે અર્જુન ! ઉઠાવ ગાંડીવ. આ અસુરોને મારવા એ જ તારો ધર્મ છે. 'આટલા બધાને મારીને હું શું કરીશ ? મારે રાજ્ય જોઈતું નથી, મારે આવું નથી જોઈતું.' - એ તારો સાત્ત્વિકભાવ છે. આ બધું તું સાત્ત્વિકભાવથી કહે છે, પણ આવી રહેલી પેઢી તને યુદ્ધની ભૂમિ ઉપરથી ભાગેલો કાયર કહેશે. ધર્મ એ નથી, પણ ભગવાનના ચરણારવિંદમાં ધર્મ છે. અને એટલે બધું છોડીને ભગવાન કહે એમ એમની આજ્ઞા પાળો, એ સ્વધર્મ છે.

આજે મહંત સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ અને તમે બધા સંતોએ મોટા પુરુષની આજ્ઞાથી સંસાર છોડી દીધો એ તમે સાચો ધર્મ પાળ્યો. સામાન્ય ધર્મ અને વિશિષ્ટ ધર્મ. મંદિરે જવું, તિલક-ચાંદલો કરવાં, 'શિક્ષાપત્રી' વાંચવી, આમ જીવવું-તેમ જીવવું; એ ધર્મ છે પણ સામાન્ય ધર્મ છે. આત્માનો ધર્મ - એનાથી ઉપર ઊઠેલો વિશિષ્ટ ધર્મ એ ગુરુની આજ્ઞામાં રહેવું તે છે. ગુરુ કંઈ તમને આડું અવળું કહેશે ? ખોટા માર્ગે લઈ જશે ? ભગવાન રાજી થાય એવું જીવન જીવવાની આજ્ઞા આપશે. તો એને પકડીને જીવો, એ ધર્મ !

મારા ઇષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન, એ મને મળ્યા મારા સત્પુરુષ, મારા ગુરુ દ્વારા મારા માટે કામ કરે છે, એ માનવું એ જ્ઞાન ! એમના ને એમના સંબંધવાળા સિવાય કોઈનોય ભાર નહીં એ વૈરાગ્ય ! એમને રાજી કરવા માટે અહોહો ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી કે, મને આ મુક્તોની-પ્રભુની સેવા મળી ! એ કરીએ એ ભક્તિ ! એમાંથી પાછા પાડે એવા કોઈ પણ ફોર્સીસને તાબે ના થઈએ, એ ભગવાનને સાચેસાચ રાજી કરવા માટેની અંદરથી દઢતા ! મહારાજ આ 'વચનામૃત'માં આ આશીર્વાદ આપે છે.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

**આપણે કામ-ક્રોધાદિક દોષ જીતવા પ્રયત્ન નથી કરવો,**
**પણ ભગવાનને રાજી કરવા માટે પ્રયત્ન કરવો છે,**
**ભગવાનના થઈને જીવન જીવવા પ્રયત્ન કરવો છે.**
**ભગવાનની આજ્ઞાનું અનુસંધાન રાખીને**
**જીવન જીવીએ તો બધું ખંખેરાઈ જાય.**

